અપીલ અરજી નં.૨૩૭ તા.૨૯–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી મીઠાભાઈ બોધાભાઈ મારૂ

સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મીઠાભાઈ બોધાભાઈ મારૂની તા.૩૦–૮–૧૦નીઅરજીથી આઈ.ડી .નં.૬૦૩ તા.૩૧–૮–૧૦ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન કચેરીનું વર્ષ એપ્રિલ ૨૦૦૮–૨૦૦૯–૨૦૧૦ મે સુધીનું સેન્ટ્રલઝોન રીંગરોડ બ્રીજ નીચે આવેલ ડેપો તમામ ડામર પાર્ટી પેચપાર્ટી ના કર્મચારીઓની હાજરી દર્શાવતુ પત્રક જે હાજર મસ્ટરમાં નોંધાયેલ હોય તે હાજરી મસ્ટરની માહિતી સહી સિકકા કરાવી આપવી. વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૩૭/૨૦૧૦–૧૧

શ્રી મીઠાભાઈ બોધાભાઈ મારૂની તા.૩૦–૮–૧૦ની અરજીથી આઈ.ડી .નં.૬૦૩ તા.૩૧–૮–૧૦ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન કચેરીનું વર્ષ એપ્રિલ ૨૦૦૮–૨૦૦૯– ૨૦૧૦ મે સુધીનું સેન્ટ્રલઝોન રીંગરોડ બ્રીજ નીચે આવેલ ડેપો તમામ ડામર પાર્ટી પેચપાર્ટી ના કર્મચારીઓની હાજરી દર્શાવતુ પત્રક જે હાજર મસ્ટરમાં નોંધાયેલ હોય તે હાજરી મસ્ટરની માહિતી સહી સિકકા કરાવી આપવી. વિ.મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આઉટ ૯૯૧ તા.૧૫–૧૦–૧૦ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ અરજદારે અપીલમાં માહિતી મોડી અને ખોટી આપ્યાની રજૂઆત કરેલ છે. તે પૈકી લાલ કેસ સારવારની માહિતીનો ઉલ્લેખ પણ છે. જે મુળ અરજી પૈકી છે કે નથી તેની સ્પષ્ટતા સહ વિલંબ અંગે પણ હકીકત પહોંચતી કરવા જાહેર માહિતી અધિકારીને તથા અરજદારનેમુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની વિગતો સહ વિગતો રજુ કરેલ નથી. જે રજુ કરવા તેમજ આરટીઆઈની કલમ ૧૯(૧) હેઠળ મુળ અરજીથી માંગેલ માહિતી દિન–૩૦ની અવધિમાં ન મળે ત્યારે દિન–૩૦ ની અવધિમાં તથા મળેલ માહિતિના કિસ્સામાં મળ્યા તારીખથી દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલની જોગવાઈ હોઈ તે મુજબ અપીલનું કારણ ઉત્પન થયે જ અપીલ કરવામાં આવે છે. ત્યારબાદ પ્રથમ અપીલના હુકમથી જો નારાજગી હોયતો અપીલના હુકમથી દિન–૯૦ માં બીજી અપીલ રાજય માહિતી આયોગમાં કરવાની રહે છે માહિતી વિલંબથી તથા ખોટી હોવાની કરેલ રજુઆતના સમર્થનમાં કેટલા વિલંબથી અને કઈ માહિતી ખોટી છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૨ તા.૧૨–૧૧–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ જે ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.૧૨૩૨ તા.૪–૧૨–૧૦ થી પુરક વિગતો માં અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલપત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ.૮૫૦ તા. ૧૮–૯–૧૦ થી રૂા.૩૦૮/– ભરપાઈ કરી મેળવવા પાઠવેલ પત્રની નકલ, તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૯૯૧ તા.૧૫–૧૦–૧૦ ના પત્રથી પાના નં.૧૫૪ પુરી પાડયાના પત્રની નકલ,રીંગરોડ બ્રીજ નીચેના ડેપોના ડામર તથા પેચ પાર્ટના કર્મચારીઓની એપ્રિલ–૦૮ થી મે–૧૦ના હાજરી પત્રકની માહિતી, પ્રો.ફંડનું લોન અંગેનું તા.૧–૫–૦૮ ના ફોર્મની નકલ, તા.૨૦–૧૧–૦૯ નું માંદગી અંગેનું ડોકટરનું પ્રમાણપત્ર, નોંધ વિભાગ, અરજદારની તા.૧૬–૪–૧૦ તથા તા.૨૧–૪–૧૦ ની કમિશનરશ્રીને કરેલી અરજીઓની નકલ,ગોવિંદ મેઘજીનું તા.૬–૫–૧૦નું તથા સાકરદાસ ડાહયાભાઈ, રમેશ નટુ, માવજી કાનજી, ભીખુ કે. પટેલ, ના તા.૭–૫–૧૦ના લીધેલ નિવેદનોની નકલ, સ્ટાફની વિગત દર્શાવતું પત્રક, જીએડી/ઈએસટી / ૧૬૪૬ તા.૯–૮–૧૦ થી થયેલ બદલીનો હુકમ તથા લીવડેટા ફોર્મ અત્રે પુરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી પાઠવેલ પત્ર સંદર્ભે મુળ અરજી કે માંગવામાં આવેલ બાબતે સ્પષ્ટતા અંગે કોઈ પુરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૩૦–૮–૧૦ની આઈ.ડી.નં.૬૦૩ ની અરજીથી સેન્ટ્રલઝોન રીંગરોડ બ્રીજ નીચે આવેલ તમામ ડામર તથા પેચપાર્ટીના કર્મચારીઓની હાજરી, અરજદારની લોન વિ. બાબતની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ જેના અનુસંધાને મ.માહિતી અધિકારી તરફથી પત્ર નં.સેઝોન/આરટીઆઈ/આ.૮૫૦ તા.૧૮–૯–૧૦ થી માહિતી અંગેના પાના નં.૧૫૪ પ્રતિ પાના દીઠ રૂા.૨/–લેખે રૂા.૩૦૮/– ભરપાઈ કરી માહિતીની નકલો મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે ૨.નં.૩૮૮૭૬૫ તા.૨૮–૯–૧૦ થી દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ. તેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/આ.૯૯૧ તા.૧૫–૧૦–૧૦ થી માહિતી તથા દસ્તાવેજો પાના નં.૧૫૪ અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલઝોન કચેરીનું વર્ષ એપ્રિલ ૨૦૦૮–૨૦૦૯– ૨૦૧૦ મે સુધીનું સેન્ટ્રલઝોન રીંગરોડ બ્રીજ નીચે આવેલ ડેપો તમામ ડામર પાર્ટી પેચપાર્ટી ના કર્મચારીઓની હાજરી દર્શાવતુ પત્રક જે હાજર મસ્ટરમાં નોંધાયેલ હોય તે હાજરી મસ્ટરની માહિતી સહી સિકકા કરાવી આપવા. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એપ્રિલ–૨૦૦૮ થી મે–૨૦૧૦ સુધીનું રીંગરોડ બ્રીજ નીચે આવેલ ડેપોના તમામ કર્મચારીઓની હાજરી દર્શાવતુ હાજરી પત્રકની નકલો અરજદારને પાના નં.૧૫૪ પુરા પડાયેલ છે. વધુમાં અરજદારે રાજય માહિતી આયોગમાં કરેલ બીજી અપીલ તબકકે સર્ટીફાઈડ નકલની રજુઆત કરેલ અને ત્યારબાદ તેજ અપીલમાં અરજદારે તા.૧૫–૧૦–૧૦ થી સર્ટીફાઈડ નકલો મેળવી આપેલ તેવું પણ જણાવેલ છે. મુદ્દા નં.૨ તેમજ ખાતા મારફતે લોન ધીરાણ લેવા માટે અરજી ફોર્મ ભરેલ જે તા.૨૩–૭–૦૯, ઈનવર્ડ નં.૧૦૧૧ તેમજ ૨૮–૭–૦૯, ઈનવર્ડ નં.૧૧૧૭ થી નોંધાયેલ છે તેની લોન લાંબા સમયે મળેલ જેમાં વિલંબ થવાનું કારણ દર્શાવતી માહિતી સહી–સિકકા કરાવી આપવી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ ધિરાણ લેવા માટે અરજી ફોર્મ ભરેલ જેમાં ઉપાડના કારણોમાં ' ધાર્મિક પ્રસંગ તા.૧૪–૫–૦૯ ના રોજ મરનાર ધનજી મીઠા મારૂ તા.૧૪–૫–૦૯ ના રોજ પુત્ર મરણના પુરાવા'' લખેલ હોય જણાવેલ કારણોસર ઉપાડ મળી શકે તેમ ન હોય જેથી અરજદારને તે બાબતની જાણ કરવામાં આવેલ. મુદ્દા નં.૩ તેમજ સામા નં.૧ થી ૭ નાઓ હાજરી કૌભાડ,ભ્રષ્ટાચારી ૧૦ વર્ષ અગાઉ થી લાલ

કેસ કૌંભાડ ચલાવતા તેઓની વિરૂધ્ધ આપેલ અરજીઓ તા.૧૬–૪–૧૦ ત્યારબાદ તા.૨૩–૬–૧૦ ત્યારબાદ તા.૧૩–૭–૧૦ ત્યારબાદ તા.૧૮–૮–૧૦ નાં રોજ આપેલ અરજીઓ કમિશ્નરશ્રી, ઝોનનાં વડાશ્રી, વીજીલન્સ ડીપાર્ટમેન્ટ, શહેર વિકાસ મંત્રીશ્રી, ઈન્કવાયરી ઓફિસરશ્રીને આપેલ અરજીના અનુંસુધાને તા.૭–૫–૧૦ ના રોજ સુ.મનપાના વિજીલન્સ ખાતાના અધિકારીઓએ તપાસ ચાલુ કરેલ હોય તે તમામ સામા નં.૧ સુમનપા સેન્ટ્રલઝોન રીંગરોડ ડેપોના પગાર કરતા મેડમ, સામા નં.ર જુ.ઈ.શ્રી ડી.એમ. પ્રજાપતિ કર્મ. નં.૧૦૬૯૩, તેમજ સામા નં૩ ગોવિંદ મેઘજી, બેલદાર (પટવાળા) કર્મ.નં.૧૪૫૧૧, સામા નં.૪ માવજી–કાનજી, બેલદાર કમ મુકાદમ, કલીનર, કર્મ.નં.૧૭૯૯૧, સામા નં.૫ સાકર ડાયા, બેલદાર, કર્મ.નં.૧૪૫૨૦, રમેશ નટુ, બેલદાર, કર્મ.નં.૧૭૯૫૧, ભિખુ ખુશાલ, બેલદાર, કર્મ.નં.૧૭૭૫૯, તમામ હાજરી કૌંભાડ ભ્રષ્ટાચારીવાળા વિરૂધ્ધ આપેલ અરજીઓ ઉપરોકત મુજબ, સામા નં.૪ ને તા.૧–૯–૨૦૦૯ અગાઉ ડાબા હાથે ફ્રેકચર થયેલ તે સમયે પ્રાઈવેટ ડોકટર અથવા સરકારી હોસ્પીટલમાં ઈલાજ કરાવેલ હોય તેવી માહિતી આપવી તેમજ તા.૧૪–૯–૦૯ થી તા.૩૦–૯–૦૯ સુધી તથા તા.૩–૧૧–૦૯ થી તા.૧૯–૧૧–૦૯ સુધી ઘરે બેસાડીને સામા નં.ર એ હાજરી પુરેલ છે. તા.૨૦–૧૧–૦૯ નાં રોજ ફરજ પર હાજર થયેલ ત્યારે અમો અરજદાર ચાલં ફરજ પરથી રોલર મશીન પરથી પડી જવાથી બનાવ તા.૭–૧૦–૦૯ અમોને રજા આપવામાં આવેલ નહિં તે સમયે અમોએ તા.૯–૧૦–૦૯ થી તા.૧૫–૧૦–૦૯ સુધી દિન–૭ની રજા નિકળતી રજા ભોગવેલ અને પગનો અને છાતીનો ઈલાજ કરાવેલ અને તા.૯–૮–૧૦ થી સામાવાળાએ મહેકમ નં. જીએડી/ઈએસટી/૧૬૪૬ અમો નિયમિત પ્રમાણિકતાથી ફરજ બજાવતા હોય અરસ–પરસ બદલી થવાનું કારણ શું? તે માહિતી આપવી. સામાવાળા નં.ર એ તા.૨૩–૮–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનમાંથી છુટા કરવાનો પરિપત્ર મોકલેલ છે. ઉપરના તમામ સંજોગો જોતાં જે તે સમયે જેતે જવાબ લીધેલ હોય તેની સર્ટીફાઈડ નકલો તેમજ જે કાંઈ અન્ય પુરાવા હોય તેની માહિતી સહી સિકકા કરાવી નકલ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ માં માંગેલ માહિતી અંગે કર્મચારીએ રજુ કરેલ મેડીકલ સર્ટી તથા રજા રીપોર્ટની ઝેરોક્ષ નકલો તથા અરસ–પરસની બદલી વહીવટી સરળતા ખાતર કરવામાં આવે છે. સેન્ટ્રલઝોન વિભાગ ધ્વારા કોઈ પક્ષકાર પાસેથી જવાબ લેવામાં આવેલ નથી" તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ અન્વયે(૧) તા.૧૬–૪–૧૦ , તા.૨૩–૬–૧૦, તા.૧૩–૭–૧૦ અને તા.૧૮–૮–૧૦ ના રોજ કરેલ અરજી અનવયે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રીનું રીપોર્ટીગ સામેલ છે. અને સદર રીપોર્ટ અન્વયે જનરલ ટ્રાન્સફર કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ કરેલ છે. તથા વીજલન્સ ઓફિસરશ્રીએ જે જવાબો લીધા હતા તેની નકલ આ સાથે સામેલ છે. પરંતુ અરજદારને આ નકલો આપવામાં આવેલ નથી. તેથી વધારાના એક સેટની નકલ અરજદારને વિના મૂલ્યે આપવી હિતાવહ છે એવું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતના રીપોર્ટમાં જણાવેલ છે. પરંતુ જે તે સમયે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન કક્ષાએથી અરજી જાહેર માહિતી અધિકારી વીજીલન્સને મુદ્દા નં.૩ ની માહિતી માટે તબદીલ કરેલ નથી કે તેઓ કક્ષાએથી પૂરી પાડેલ નથી. આમ અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ જે બાબતે અરજદારે માહિતી મોડી તેમજ ગેરમાર્ગે જોરનારી તેમજ ખોટી માહિતી આપેલ છે તેવું જણાવી તા.૨૯–૧૦–૧૦ ના રોજ રાજય માહિતી આયોગમાં તા.૨૮–૧૦–૧૦ ના રોજ કરેલ બીજી અપીલની નકલ અત્રે રજુ કરવામાં આવેલ. જે બાબતે અત્રેથી પ્રથમ અપીલ અંગેની કાર્યવાહી કરવામાં આવેલ. તે સંદર્ભે અરજદારને અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ પરંતુ અરજદારે તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. અરજદારે બીજી આયોગની અપીલમાં જેની નકલ અત્રે રજુ કરેલ છે તેમાં સામાવાળા નં.૪ ની ઈલાજ કરાવ્યાની ખોટી માહિતી પરંતુ તે બાબતે અરજદારે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી. સામાવાળા નં.૩ ની સારવાર પુસ્તીકા ઈલાજ કરાવેલ તેની સર્ટીફાઈડ નકલ બાબત જે કર્મચારી પાસે રહેતી હોય છે. તથા અરસ–પરસના બાના હેઠળ બદલી કરાવેલ છે તે બદલીનું કારણ લેખીતમાં જણાવેલ નથી. વહીવટી સરળતા ખાતર જણાવેલ છે તે ખોટી માહિતી છે. વધુમાં અરજદારને વહીવટી હુકમની નકલ પુરી પાડવામાં આવેલ છે. સામાવાળા ૧ થી ૭ ખોટા ઈલાજો કૌંભાડ આચરતા આવેલ છે બદલી કરેલ છે, અરજીઓ ના પ્રકરણો ડાબી દેવામાં આવેલ છે જે અરજદારે ફરિયાદને લગતી રજુઆત કરેલ છે લોન ધિરાણમાં ધાર્મિક પ્રસંગ ૯–૮–૦૯ પેશગીની લોન ધીરાણ વિડ્રોલ લોન તા.૧–૫–૦૯ની ખોટી માહિતી આપીને પડદો પાડી દેવામાં આવેલ છે જેમા અરજદાર પક્ષકાર હોય તો તેમણે તેવા કોઈ પુરાવા રજુ કરેલ નથી. અરજદારે મુદ્દા નં.૩ થી માંગેલ સામાવાળાની પ્રાઈવેટ કે સરકારી ઈલાજ અંગેની માહિતીને સંબંધ છે ત્યાં સુધી જાહેર હિત પ્રસ્થાપિત ન થાય ત્યાં સુધી તેવી માહિતી અંગત પ્રકારની ગણાય. વધુમાં જાહેર માહિતી અધિકારીએ જણાવ્યાનુસાર તે માહિતી દફતરે ઉપલબ્ધ નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અને ૨ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડેલ છે. પરંતુ મુદ્દા નં.૩ હેઠળની જે તે સમયે લીધેલ જવાબની નકલોની માહિતી પ્રમાણિત નકલસહ પૂરી પાડેલ નથી. જેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ સદર માહિતી વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે બીજી રાજય માહિતી આયોગમાં અપીલમાં કરેલી ફરિયાદને લગતા અલાયદા પશ્નો અંગે સક્ષમ સત્તાને રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧)ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મીઠાભાઈ બોધાભાઈ મારૂ